सत्यमेव जयते

**<u>મે. વાપીના એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. વાપી</u>**

**ફો. કેસ નં. : ૪૧૯૯ /૨૦૨૬**

**આંક :**

**ફરીયાદી : નામદાર સરકારશ્રી**

**વિરૂધ્ધ**

**આરોપી : પંડીત શાલીક શીન્દે**

**<u>કબુલાત ઠરાવ</u>**

(૦૧) આ કામે આરોપી સામે એમ. વી. એક્ટની કલમ ૧૮૫ તથા પ્રોહિ એક્ટની કલમ ૬૬(૧)ઈ મુજબ ગુન્હાનો આરોપ છે.

(૦૨) સદર કામે આરોપીએ ગુન્હો કબુલાતની પુરસીસ આપેલ હોય અને આરોપીની પ્લી લેવામાં આવતાં આરોપીએ ગુનો કબુલ કરેલ છે. જેથી આરોપીએ આપેલ કબુલાત પુરસીસ અને પ્લી ધ્યાને લેતાં આરોપીએ તેનાં વિરૂધ્ધના ગુન્હાની કબુલાત કરેલ છે. આરોપીની કબુલાત સ્વેચ્છા પુર્વક હોય જે સ્વીકાર્ય છે અને આરોપીને સજા અંગે પુછતા જણાવે છે કે, તેમની સામેનો સદર ગુનો તેઓ સ્વેચ્છાએ કબુલ કરે છે અને તેમના કુટુંબનું તેઓ માંડ માંડ પુરા કરે છે. તેઓ અન્ય ગુનામાં સંડોવાયેલા નથી. જેથી ન્યાયના હીતમાં દયા લાવવા અરજ કરેલ છે. એમ. વી. એક્ટ ૧૯૮૮ માં હાલમાં થયેલ સુધારા મુજબ કાયદાની જોગવાઈઓ ધ્યાને લીધી.

આરોપીની રજુઆત ધ્યાને લેતાં તથા આરોપી વિરૂધ્ધ જે ગુન્હો છે તે ધ્યાને લેતાં તથા આરોપીની ઉંમર તથા આરોપીની સામાજીક સ્થિતી ધ્યાને લેતાં, આરોપીને સુધરવાની તક આપવી જોઈએ. એમ. વી. એકટની કલમ–૧૮૫ તથા પ્રોહી કલમ–૬૬(૧)ઈ કાયદાની જોગવાઈ ધ્યાને લેતાં તથા ઉપરોકત ચર્ચા કરી તે તમામ વિગતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:હુકમ :–**

૧. ક્રિ. પ્રો. કોડની કલમ–૨૫૨ અન્વયે **આરોપી– પંડીત શાલીક શીન્દે** નાઓને એમ. વી. એકટની કલમ–૧૮૫ તથા તથા પ્રોહી કલમ–૬૬(૧)ઈ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને **રૂા.૧૧૦૦/– (અંકે રૂપીયા એક હજાર એકસો પુરા)** દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ દંડ ભરવામાં કસુર થયે આરોપીને દિન–૦૭ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીનાં જામિન ખત તથા જાત મુચરકા રદ ગણવા.

આ હુકમ આજ **તા. ૧૦ મી, માહે– ઓગષ્ટ , સને–૨૦૨૬**ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : વાપી
તા. : ૧૦ /૦૮ /૨૦૨૬

**(આઇ. એ. શેખ)**
એડી. ચીફ જ્યુડી. મેજી., વાપી
GJ00567